ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
**GUJARAT UNIVERSITY**
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

---

૩૦/૧૨/૨૦૧૯

ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલા સૌ અધ્યાપકશ્રીઓ, કર્મચારી ભાઈ-બહેનો, કૉલેજ સંચાલકમંડળના સભ્યો, કૉલેજમાં કાર્યરત અધ્યાપકશ્રીઓ,કર્મચારી ભાઈ-બહેનો તેમજ ગુજરાત યુનિવર્સિટીની પ્રગતિમાં યોગદાન આપી રહેલાં શુભેચ્છકો.

૨૦૨૦ના પ્રારંભે યુનિવર્સિટી સત્તામંડળના સૌ સન્માનનીય સદસ્યો, મા.કુલપતિશ્રી ડૉ.હિમાંશુ પંડ્યા, મા.ઉપકુલપતિશ્રી ડૉ.જગદીશ ભાવસાર તેમજ અધિકારીવર્ગ તરફથી શુભકામનાઓ.

૨૦૨૦ના વર્ષનો વિશિષ્ટ આંકડાકીય યોગ રચાયો છે ત્યારે આ વર્ષે સંભારણારૂપ કઇંક વિશેષ કરીએ તેવી સત્તામંડળના સૌની ઈચ્છા અને અનુરોધ છે. ૨૦૨૦ના વર્ષે ૨૦ સંકલ્પો કરી તેને યથાર્થ કરવા યથાશક્તિ પ્રયાસ કરીએ. યુનિવર્સિટી ભવન કક્ષાએ અને કૉલેજકક્ષાએ આ માટેનું ખાસ આયોજન થાય તે માટે સક્રિય થઈએ.

# ૨૦૨૦ના સંકલ્પો

૧) કૉલેજ-ભવનની આંતરિક-બાહ્ય સ્વચ્છત્તાનું ધ્યાન રાખીશું.

૨) કૉલેજ-ભવનમાં હયાત વૃક્ષો-છોડની માવજત કરીશું તથા વૃક્ષો વધે તે માટે પ્રયાસ કરીશું.

૩) પાણીનો ઉપયોગ કરકસરપૂર્વક કરીશું. પાણીનો બગાડ અટકાવીશું.

૪) વીજળીનો કરકસરપૂર્વક ઉપયોગ કરીશું. વીજળી બચાવીશું.

૫) ૧૨ જાન્યુઆરી સ્વામી વિવેકાનંદજીના જન્મ દિવસ નિમિત્તે યુવા- છાત્રોમાં તેમના વિચારો પ્રસરે તે માટે વકતૃત્વ સ્પર્ધા, વિશેષ વ્યાખ્યાન, વૃક્ષારોપણ,આરોગ્ય ચકાસણી જેવા કાર્યક્રમો હાથ ધરીશું.

૬) ૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વની સામૂહિક ઉજવણી કરીશું અને તેમાં સક્રિય સહભાગી થઇશું .

૭) ૩૦ જાન્યુઆરી ગાંધીનિર્વાણ દિને ગાંધીજીના વિચારો યુવા-છાત્રોમાં પ્રસરે તેવું આયોજન કરીશું.

૮) વિધાર્થીઓના એનરોલમેન્ટફોર્મ, આંતરીકગુણ, પરીક્ષાફોર્મ સહિતની આવશ્યક બાબતોમાં વિધાર્થીઓનો સતત સંપર્ક યુનિવર્સિટીમાં કેળવીને નિયત સમયમર્યાદામાં પહોંચી જાય તેની કાળજી લઈશું.

૯) કૉલેજ-ભવનમાં કાર્યરત અધ્યાપકશ્રીઓમાં સંશોધન પરત્વેનો અભિગમ વિકસે તેમજ સમાજ કલ્યાણ માટેના કાર્યોમાં, સંશોધનમાં રસ વધે તે માટે પ્રોત્સાહન આપીશું.

૧૦) કૉલેજ-ભવન સાથે છાત્રોનો જીવંત અને ભાવનાત્મક સેતુ રચાય તેવા પ્રયાસો હાથ ધરીશું.

૧૧) કૉલેજ-ભવન સાથે આત્મીયભાવથી જોડાઈને છાત્રોમાં સંસ્કાર સિંચન માટેના પ્રયાસોને વેગ આપીને સંસ્થાનું ગૌરવ વધારીશું.

૧૨) છાત્રોમાં હકારાત્મક અભિગમ વિકસે તે માટે સતત પ્રયાસો કરીશું.

૧૩) કૉલેજ-ભવનમાં વિધાર્થીઓના જીવન ઉપયોગી વિચારોને દીવાલો પર સ્થાન આપી જીવંત કરીશું.

૧૪) ૧૪ એપ્રિલ ડો. બાબા સાહેબ આંબેડકરના જન્મ દિવસને "બંધારણ દિવસ" તરીકે ગૌરવથી મનાવીશું.

૧૫) ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાગૃતિ લાવીશું. સેમીનાર સહિત કાર્યક્રમ આયોજીત કરીશું. ડો. વિક્રમ સારાભાઈના યોગદાનને યાદ કરીશું.

૧૬) ૧૫ ઓગસ્ટ- સ્વાતંત્ર્યપર્વની ઉત્સાહભેર ઉજવણી કરી વિધાર્થીઓમાં રાષ્ટ્રીય ગૌરવના મુલ્યનું આરોપણ કરીશું.

૧૭) ગુજરાત યુનિવર્સિટીના સ્થાપના દિવસ ૨૩ નવેમ્બરની સામૂહિક ઉજવણી કરી યુનિવર્સિટી પરિવારનો ભાવ દ્રઢ કરીશું.

૧૮) બીજી ઓક્ટોબર ગાંધીજીના જન્મ દિવસે વિશેષ કાર્યક્રમો યોજી ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી સાકાર કરીશું.

૧૯) ૩૧ ઓક્ટોબર એક્તા- અખંડિતતાના પ્રહરી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ ની ઉજવણી કરીશું.

૨૦) ૨૦૨૦ના વર્ષે કૉલેજ-ભવનની શાખને શિક્ષણ જગતમાં પ્રસ્થાપિત કરવા સહિયારો પુરુષાર્થ કરીશું. ઉચ્ચ શિક્ષણને ગતિમાન કરીશું. ૨૦૨૦ના વર્ષના ૨૦ સંકલ્પો ઉપરાંત વ્યક્તિગત પ્રગતિને એક કદમ આગળ ધપાવીશું.

આપ સૌ અત્રે આપેલા સંકલ્પો પૈકી અનેકવિધ પ્રવૃતિ કરતાં જ હશો. આપ સૌના સમાજ ઉપયોગી કાર્યો વિવિધ માધ્યમોથી જાણવા મળતા જ હોય છે. આપ સૌને અભિનંદન છે.

૨૦૨૦નો યોગ ૨૦ સંકલ્પો થકી ઉચ્ચ શિક્ષણ પરત્વેનો સમાજનો દ્રષ્ટિકોણ બદલવા કટિબદ્ધ થઈએ.

સૌને શક્તિ અને આશીર્વાદ મળે.

કુલસચિવ (ઈન્ચાર્જ)